## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભીડની વચ્ચેય એકાકી રહી
એટલે તો જાત આ આખી રહી

એ નજર કંઈ એ રીતે તાકી રહી
આપણી સૌ વાત બસ બાકી રહી

હાલ પૂછ્યો છે અમસ્તો એમણે
કેમ કહેવું, 'ખૂબ હાલાકી રહી'

સાથેસાથે હમકદમ ચાલ્યાં ખરા
ચાલવામાં થોડી ચાલાકી રહી

- રઈશ મનીઆર

### પાથેય

- રમેશ ઠક્કર

## માનવમનની મજા...

કોલાહલ એ હંમેશા ઉત્સવ કે ઉમંગનો વિષય હોતો નથી.ઘણીવાર માણસ ભીડ વચ્ચે પણ એકલો હોય છે. માનવમનની આ એક અદભુત બારી છે. જેમાંથી જીવનનું દર્શન કરવું એ એક અલગ અનુભવ? બની રહે છે.આપણે એકાકી હોવાનો પોતાનો માપદંડ લઈને જીવતા રહીએ છીએ.એકલા હોવું એટલે જાણે કોઈની સોબત કે સંગત વગરના હોવું. આપણે ભૂલી જઈએ છીએ કે આપણું વ્યક્તિત્વ એ ક્યારેય એકલું હોતું નથી.આજુબાજુ માણસોની ભીડ હોય? કે કોલાહલ હોય તો પણ માણસ અંદરથી એકલતા અનુભવતો હોય છે.આ બધાની વચ્ચે જો પોતે પોતાની સાથે જ સંવાદ સાધી શકતો હોય તો કહી શકાય કે એ માણસે પોતાની જાતને અખંડ રાખી છે.

કોઈકને મળતાં?વેત ઘણીવાર એવો અનુભવ થાય છે કે જાણે એમની સાથે કેટલાય ભવની વાત કરવાની બાકી છે. આવી આત્મીયતા સહજ હોય છે.કેટલાક લોકો આપણી સામે એ રીતે પરિચિત બનીને નિરખી રહે છે કે જાણે એમની આંખો કશુક બોલી રહી હોય.આવી ચિરપરિચિત નજર જ્યારે પરસ્પર મંડાય છે ત્યારે એવું અનુભવાતું હોય છે કે આપણે હજુ ઘણી બધી વાતો કરવાની બાકી રહી ગઈ છે.માણસના મનની આ ઝંખના એકાદ બે લીટીમાં કહેવી મુશ્કેલ હોય છે.

કેટલાક લોકો મુસીબતોના પોટલા જેવા હોય છે.એમને ખોલવા પડતા નથી. મોકો મળતા જે આપોઆપ ઉઘડી જાય છે.અને કેમ છો?? કે શું ચાલે છે ?એમ કહેતાં જ? એમની વ્યથાઓનો એક મોટો પટારો આપણી સામે ખુલ્લો મુકાઈ જાય છે.આપણે એકમેકને સહજ રીતે હાલ હવાલ પૂછતા રહીએ છીએ.આ એક અમસ્તી માનવીય વ્યવહાર હોય છે.પરંતુ કેટલાક લોકો એને તક માની..પોતાને ખૂબ હાલાકી? પડી એમ કહી એમની અડચણોનું લિસ્ટ આપણી સામે ધરી દે છે. આવા લોકો લાગણી ભૂખ્યા જ હોય એવું નથી હોતું.કેટલાક લોકોને જન્મજાત એવી ટેવ હોય છે કે સતત પોતાની મુસીબતોનું ગાણું ગાયા કરવું.

આપણે સહુ એકમેકના સહકારથી જીવતા રહીએ છીએ.સફર માં સહભાગી થતા રહીએ છીએ.?કયારેક એવું લાગે કે ઘણા બધા લોકો સાથે આપણે ખૂબ જ ઉમદા સંબંધ છે.આપણી સફરના એ બધા હમસફર છે.જિંદગીની કેટલીય પળો કે કેટલાય પ્રસંગો એક મેકની સાથે મળીને કરતા રહીએ છીએ.હમકદમ બનીને ચાલતા રહીએ છીએ.આમ છતાં ઘણીવાર માણસને એવું અનુભવાય છે કે આપણી સાથે જ ચાલનારાઓ? આપણી?? સાથે ચાલાકી કરતા કરી જાય છે.આવું જ્યારે અનુભવાય ત્યારે હૃદયને એક ઝટકો લાગતો હોય છે.માનવમનના આ મનોભાવને કોઈ કાવ્યમાં સમાવવો કે કોઈ કલાકૃતિમાં એને અંકિત કરવા માટે એવો? અનુભવ હોવો? જરૂરી છે.

# પ્રાપ્તિના પગ આજે ધરતી ઉપર ઠરતા નહોતા



સ-રસ
મમતા બુચ

"મોક્ષાંક, તારા પપ્પાની ટાઈ ક્યાં છે? તારા વોર્ડરોબમાં નથી આવી ગઈ ને, જોજે તો જરા." પ્રાપ્તિના પગ આજે ધરતી ઉપર ઠરતા નહોતા. અને કેમ ઠરે? એના પતિને આજે દેશના સર્વોચ્ચ વૈજ્ઞાનિકોને મળતું સન્માન મળવાની યાદગાર ઘડી આવી પહોંચી હતી. આખું કુટુંબ રાત્રે થનારા ઝાકમઝોળ સમારંભમાં જવાની તૈયારીઓ કરી રહ્યું હતું.

"પ્રિયાંશુ, તમે હજી તૈયાર નથી થયા? રાષ્ટ્રપતિ તો પ્રોટોકોલ મુજબ આવી જ જશે, હોં!" પ્રાપ્તિના ચહેરા ઉપર રઘવાટ હતો. પ્રિયાંશુ આછું હસી પડ્યો, "પ્રાપ્તિ, હજુ હમણાં તો તેં મોક્ષાંકને પૂછ્યું કે પપ્પાની ટાઈ ક્યાં છે! ટાઈ વગર હું સૂટ ઉપર શું બાંધું?" "ઓહ, હા, નહીં? મારું મગજ તો ચકરાઈ જ ગયું છે! મેં પોતે પણ હજી સાડી નથી બદલી!" પ્રાપ્તિ પણ હસી પડી અને દેવાંશીના રૂમ તરફ દોડી ગઈ.

"ભાભી, જરા જુઓ ને, આ સાડી સાથે આ નેકલેસ મેચ થશે?" દેવાંશીને નેકલેસ બતાવતાં પ્રાપ્તિ બોલી. "ઓહ નો, પ્રાપ્તિ, તેં પણ એવો જ નેકલેસ ખરીધો છે? હું પણ આવો જ પહેરવાની હતી. સારું થયું, તેં પૂછ્યું. હવે હું બીજો નેકલેસ પહેરીશ. નહીંતર લોકો કહેશે કે બધાં સ્કૂલ-યુનિફોર્મમાં આવ્યાં છે!" દેવાંશી હસી પડી.

"અરે ભ'ઈ, પ્રાપ્તિભાભીને એ પણ પૂછી લેજે કે પ્રિયાંશુભાઈ કેવા કલરનો સૂટ પહેરવાના છે! નહીં તો પાછો અમારા બંનેનો સૂટ પણ સ્કૂલ-યુનિફોર્મ જેવો લાગશે!" ખડખડાટ હસતાં દેવાંગ બોલ્યો.

દેવાંગ અને દેવાંશી પણ પ્રિયાંશુને મળનારા સન્માનની ખુશીમાં ભાગીદાર થવા વડોદરાથી ખાસ આવી પહોંચ્યાં હતાં. ખરું પૂછો તો પ્રિયાંશુ પણ એવું જ ઈચ્છતો હતો કે એનું આખું કુટુંબ આ આનંદ અને ગૌરવની ક્ષણમાં એની સાથે હોય. એટલે એણે જ બંને ભાઈઓને ખાસ આગ્રહ કરીને તેડાવ્યા હતા અને બંને ભાઈઓએ પણ હોંશે-હોંશે આ આમંત્રણ સ્વીકાર્યું હતું. આખરે તો પ્રિયાંશુનું સન્માન એ સમગ્ર પરિવારનું સન્માન હતું ને!

જો કે સૌથી નાનો સંયમ છેક છેલ્લે આવવાનો હતો. "આ સંયમ કેટલા વાગે આવવાનું કહેતો હતો?" દેવાંગના ચહેરા ઉપર ચિંતા તરી આવી. પ્રાપ્તિ મલકાઈ, "આવી જશે. એણે કહ્યું હતું કે બોર્ડર પરથી આવવું એટલું સહેલું નથી. આ તો એણે એના સાહેબને આખી વાત કરી કે એના મોટાભાઈને કેટલું મોટું સન્માન મળવાનું છે ત્યારે એને માંડ રજા મળી છે." "હાસ્તો વળી, તમે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એટલે ગમે ત્યારે ઓફિસ બંધ કરીને નીકળી જાઓ તો ચાલે. એ તો સરહદ પર તૈનાત જવાન છે. એમ થોડો ભાગી આવે?" દેવાંશી પતિની મશ્કરી કરતાં હસી પડી.

"બા, તમે હજી તૈયાર નથી થયાં?" મોક્ષાંકે બાને ઉતાવળે પૂછ્યું. "મારે ત્યાં આવવાનું છે?" બાના ચહેરા ઉપર નિર્દોષતા હતી. એટલામાં પ્રાપ્તિ બહાર આવી. "અં......હા.....બા સાચું જ તો કહે છે. બાને ત્યાં આવીને શું કામ છે? એમને ફોટા ને વીડિયો બતાડીશું ને!"

સંવાદ સાંભળી રહેલા પ્રિયાંશુના અવાજમાં રોષ હતો, "પ્રાપ્તિ, ફોટા અને વીડિયોથી કામ ચાલતું હોત તો હું દેવાંગ અને સંયમને પણ ન બોલાવત. બા આવશે. બા, તું તૈયાર થઈ જા." બા નરમ અવાજે બોલ્યાં, "પ્રિયાન્સુ, ભ'ઈ, પ્રાપ્તિ સાચું જ કહે છે. મને ત્યાં મોટા-મોટા માણસોની વચ્ચે ન ફાવે. પાછું મને રાત્રે બહુ દેખાય નહીં એટલે મારો હાથ પકડી-પકડીને કોઈકે ચાલવું પડે." પણ મોક્ષાંકના મનમાં દાદી માટે લાગણી હતી, "એ તો બા, હું છું ને! હું તમારો હાથ પકડીશ. તમે તૈયાર થઈ જાઓ." "ઊંહ, એમને આ ઉંમરે શું તૈયાર થવાનું? બ્રાઉન બોર્ડરવાળી વ્હાઇટ સાડીની જગ્યાએ બ્લૂ બોર્ડરવાળી વ્હાઈટ સાડી પહેરશે!" પ્રાપ્તિ મનમાં ને મનમાં ગણગણતી બેડરૂમ ભણી ઉપડી.

બાજુના રૂમમાં દેવાંશી દેવાંગને કહી રહી હતી, "સાચી વાત છે પ્રાપ્તિની. બાને "ધ ગ્રેટેસ્ટ ઇન્ડિયન સાયંટિસ્ટ ઓફ ધ યર" એટલે શું એ ખબર છે? અરે, એ બોલતાં ય આવડે છે? પ્રિયાંશુભાઈ જરા વધારે પડતા જ સેન્ટિમેન્ટલ થઈ જાય છે!" દેવાંગ પ્રિયાંશુની રૂમ તરફ ગયો તો ખરો પણ રૂમની બહાર નીકળતા પ્રિયાંશુના ચહેરા ઉપરની સખ્તાઈ જોઈને આગળ કઈં કહેવાની એની હિંમત ન થઈ.

"હા, બોલ દેવાંગ, કઈં કહેતો હતો?" પ્રિયાંશુના અવાજમાં વજન હતું. દેવાંગની જીભ થોથવાઈ ગઈ, "અં...ના...ના...એ તો એમ કહેતો હતો કે સંયમ હજી સુધી આવ્યો નહીં?" એટલામાં જ ફૌજીના યુનિફોર્મમાં બારણે આવીને ઊભેલા સંયમના અવાજમાં હરખ છલકાઈ ઉઠ્યો, "સંયમ કિનારીવાલા રિપોર્ટિંગ, સર!" "હે ય ચાચુ......!" મોક્ષાંકના અવાજમાં એ જ હરખ પડઘાયો. બંને ભાઈઓ હરખથી સંયમને ભેટી પડ્યા. ભાભીઓ દિયરને જોઈને રાજી-રાજી થઈ ગઈ.

"બા, પગે લાગું!" સંયમે ચરણસ્પર્શ કર્યા. "આવી ગયો, ભ'ઈ? હારું, હારું, જલ્દી કપડાં બદલી લે. આ પ્રિયાન્સુને કઈંક ઈનામ મલવાનું છે. બધાંએ એમાં જવાનું છે." બાના ચહેરા ઉપર હરખ છલકતો હતો. સંયમ હસી પડ્યો, "બા, એ ઈનામ કેટલું મોટું છે એનો તને અંદાજ છે?" બંને વહુઓ આંખના ખૂણે હસતી પોત-પોતાના રૂમ તરફ વળી ગઈ.

"બે ગાડીઓ લેવી પડશે. પ્રિયાંશુભાઈને તો ગાડી લેવા આવશે. પણ પછી આપણે છ જણાં બાકી રહેશું. હું ડ્રાઈવ કરું તો આપણે પાંચ જણાં એક ગાડીમાં આવી જઈશું. એક જણનો સવાલ છે." દેવાંગ કહી રહ્યો હતો. "ભ'ઈ. હું એમ કહું છું કે......"કઈંક કહેવા જતી બાને પ્રિયાંશુએ અધવચ્ચે જ અટકાવી, "બા, પ્રાપ્તિ મારી સાથે એ લોકોની ગાડીમાં આવી જશે. તમારે એક જણની જગ્યા થઈ જશે." બા સંકોચ સાથે દેવાંગની ગાડીમાં બેઠી.

"હે ય સુન લો સબ લોગ ......પપ્પા કહેતા હતા કે ફંક્શન પત્યા પછી આપણે લોકો 'ફેંટાન્સ્ટિક ફજ' માં જઈશું." મોક્ષાંકના અવાજમાં એક્સાઈટમેંટ હતી. બધાં ખુશ થઈ ઊઠ્યાં. ફક્ત બા મોક્ષાંકને તાકી રહી. મોક્ષાંક હસી પડ્યો, "બા, ગભરાઓ નહીં! હોટેલમાં જમવા જવાનું છે!" બા ભોળું હસી રહી.

રાત્રે ઝાકઝમાળભર્યા સમારંભમાં સ્ટેજ પરથી શબ્દો સર્યા, "મે આઈ રિક્વેસ્ટ મિ. પ્રિયાંશુ હરિહર કિનારીવાલા ટુ કમ અપોન ધ સ્ટેજ ટુ રિસીવ ધ એવોર્ડ ફોર ધ ગ્રેટેસ્ટ ઇન્ડિયન સાયંટિસ્ટ ઓફ ધ યર....." એવોર્ડ લેતી વખતે પ્રિયાંશુની આંખોમાં તગતગતાં આંસુ સાથે એના શબ્દો હોલમાં પડઘાઈ રહ્યા, "આ એવોર્ડ હું મારી માતાને સમર્પિત કરું છું. ફક્ત એટલા માટે નહીં કે પપ્પાના ગયા પછી એણે અમને ત્રણે ભાઈઓને મોટા કર્યા ને અમારાં બધાં સ્વપ્નો પૂરાં કર્યાં, એટલા માટે પણ કે હું વિજ્ઞાનના ક્ષેત્રે, મારાથી નાનો ભાઈ ગણિતના ક્ષેત્રે અને સૌથી નાનો ભાઈ સાહસના ક્ષેત્રે જે પણ સિદ્ધિઓ હાંસલ કરી શક્યા એ ફક્ત પોતાના એક ક્ષેત્રમાં હતી. આવા ત્રણ અલગ-અલગ ક્ષેત્રના વિશારદ અમને ત્રણે ય ભાઈઓને જન્મ આપનાર મારી બા કેટલી વિદ્વાન હશે!" શ્રાવણ-ભાદરવો નીતરતી આંખો સાથે દીકરાને સાંભળી રહેલી બાની આંખો ત્યારે ખૂલી જ્યારે એના પગમાં એનો આખો પરિવાર ચરણસ્પર્શ કરી રહ્યો હતો.

# પ્રકાશ ભણી પગ માંડો, પડછાયો પાછળ રહેશે



લાગણીનો મેળો
રસિક વાળંદ

દીપોત્સવી ના દીવે દીવે દેવ, આંગણે આવો,
અંધકારનાં બંધન કાપી પ્રભાત મંગલ લાવો -

●●●

આજ નજરમાં નવલી આશા, પગલે નૌતમ પંથ;
નવા નવા શૃંગો સર કરવા, આતમ ખોલો પંખ;
નવા દેશના, નવી દિશાના પવન સુગંધિત વાઓ.

- ચંદ્રકાંત શેઠ

"દિવાળીના દિવસે એક મિત્રને ત્યાં ગયો...

એણે ડ્રાયફ્રુટ લાવીને રાખ્યા, અને ચા લેવા અંદર જતો રહ્યો...

હું મુઠ્ઠી ભરીને કાજુ ખાવાનો જ હતો, ત્યાં મારી નજર સામે લગાડેલા સીસીટીવી કેમેરા ઉપર પડી... કેમેરા જોઈને પૂરી સભ્યતાથી એક જ કાજુ ખાધુ... ચા લઈને આવ્યો એટલે મેં પૂછ્યું કેમેરા કેટલામાં લગાવડાવ્યા, તો કહે ડમી છે...

દર દિવાળીએ હું ડ્રોઈંગ રૂમમાં લગાવડાવી દઉં છું... હવે કોની ઉપર વિશ્વાસ કરાય...?? સાલુ બધ્ધે જ છેતરામણી છે...!!!"

●..............●

ઉપરોક્ત ટૂચકાનો વ્યંગ મર્મ વર્તમાનનું વાસ્તવદર્શી બયાન છે... સમયની સાથે માણસનાં વાણી-વર્તન-વિચારમાં આવતો બદલ જીવનના દરેક ક્ષેત્રમાં સૌ કોઈએ અનુભવ્યો હશે જ... સમાજનું ભાવજીવન ખોરવાયું છે. જીવનમાં સ્નિગ્ધતા શોધી જડતી નથી... કાયદો-ફાયદો અને વાયદામાં જીવન અટવાયું છે... નોટ વોટ અને લોટ એની ગતિ છે...

માનવ દિવાળીથી દેવ દિવાળી સુધીનો આ મહોત્સવ એટલે સ્વચ્છતા, પ્રકાશ,આનંદ અને ઉત્સાહનું મહાપર્વ...

અમારાં ગામડાંમાં તો '' પ્રગટાવી તેલ પૂરવાની પ્રથા... જો કે હવે ધીરે ધીરે આ પરંપરા પણ લુપ્ત થઈ રહી છે... આપણી પરંપરા અને સંસ્કૃતિને જાળવવાની જવાબદારી આપણી જ છે... દિન પ્રતિદિન આપણા પરંપરાગત તહેવારો-ઉત્સવો હવે ઝાંખા પડતા જાય છે... અમારા અરવલ્લી જિલ્લામાં ૧૩ ફૂટ ઊંચું સવામણ ઘી સમાય તેવા તાંબાના કોડિયાવાળુ 'મેરાયું' વર્ષોથી અડીખમ છે... સમય બદલાયો... સંસ્કૃતિમાં પરિવર્તન આવ્યું હશે પરંતુ અમારા ગામડાંની લોક સંસ્કૃતિએ વારસો ટકાવી રાખ્યો છે... મોડાસા તાલુકાના શામપુર નજીક કુંઢેરા ડુંગર પર 'મેરાયુ' પ્રગટાવવાની આ પરંપરા મહાભારતકાળથી ચાલી આવી છે... આજે પણ દેવ દિવાળીના દિવસે ગ્રામજનો ડુંગરનું ચઢાણ ચઢીને મેરાયુ પેટાવે છે...

આમેય 'દિવાળી' શબ્દ સાંભળતાં જ દિલ અને દિમાગમાં દીવા ઝળહળવા માંડે છે. સૂરજ ઊગે તે દિવસ આથમે તે રાત... રાત્રે સૂરજનું સ્થાન તારા-ગ્રહો ને ચંદ્ર શોભાવે! સૂરજ- ચંદ્ર - તારા - ગ્રહો તો દેવના દીવા;

આ દેવ-દીવા થી માણસ જાતને ધરવ થાય? તેણે તો ઘીના... તેલના... દિવેલના... ડોળિયાના... ઘાસતેલના... પેટ્રોલના... વીજળીના... ભાત ભાતના દીવા... મશાલોય ખરી... ને બેટરીઓ.. પણ... દીવાદાંડી... દીપસ્તંભો... આરતીઓ... દીપમાળાઓ... દેવમંદિરમાં થતા દીવડાની પ્રત્યેક જ્યોતમાં દેવના દર્શન લાધે!!! ભલે કવિશ્રીને

'ખુશ્બોભર્યો અંધાર' લાગે મને તો 'ખુશ્બોભર્યો અજવાસ' આકર્ષે...!

આપણો ભાવના મંત્ર 'તમસો મા જ્યોતિર્ગમય'... 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.' આખરે તેજની અપેક્ષા...જીવન તેજસ્વી હોવું એ જ ખરી ફલશ્રુતિ... આ દિવાળીએ દીવડાએ મને એક નવો અર્થ આપ્યો, 'અબુધમાંથી પ્રબુદ્ધ થવાનું મહાપર્વ.' 'આત્મદીપોભવ' કવિ શ્રી રણછોડ ની વાણીમાં, 'દિલમાં દીવો કરો.' આપણું જીવન સંસ્કારદીપ-જ્ઞાનદીપે ઓજસ્વી બનાવવાનું મંગલ ટાણું...

અસ્વચ્છતા, બંધિયારપણું, કૃપણતા, કાયરતા, પ્રમાદ,જડતા જીવનમાંથી હડસેલીયે તો જ શારદા ને લક્ષ્મી સ્થાન લે... સત અને સત્વ, શ્રી અને શીલની સમારાધના કરીએ તો જ બત્રીસે કોઠે દીવા ઝળહળે... આ નિહાળવા જ સઘળા દેવો દેવ દિવાળીએ ભૂલોકમાં વિચરણ કરવા આવે છે...

અમારા પાડોશી જોષીદાદા તો કહેતા, 'દેવ દિવાળીએ પરમાત્માનું સ્મરણ કરી સાતસો વીસ દીવા કરીએ તો સર્વ પાપો માંથી મુક્ત થવાય... આ દીપ પ્રાગટ્ય અને તેનાં દર્શન થકી સુખ-શાંતિ, સમૃદ્ધિ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય...'

ખેર, દેવદિવાળીની સમાપ્તિ સાથે જ

દિપાવલીનો મહોત્સવ પૂર્ણવિરામ પામશે... ને પછી લગ્નસરો જામશે...મંગલગીતો ગવાશે... શુભ મુહૂર્ત ને તોરણો બંધાશે... ઢોલ ઢબૂકશે....વર કન્યા પ્રભુતામાં પગલાં માંડશે.... જનજનમાં ઉત્સાહ વ્યાપી જશે...

અંતમાં દીપ દેવતાના દેવી દીપોત્સવ ટાણે સદભાવનાની પાવન જ્યોતે સૌની જ્ઞાનજ્યોત - જીવન જ્યોત વધુને વધુ પ્રદીપ્ત થાય એવું ઈચ્છીએઃ સૌની દિવાળી દેવ દિવાળી બને!!! 'માંગલ્યમસ્તુ સર્વત્ર'

**'સ્પર્શમણિ'**

દુઃખ બધું દીવાલોનું છે મિત્રો... ખુલ્લામાં રહો તો, ધરતીકંપ પણ હચમચાવી નથી શકતો.

●●●

પ્રકાશ ભણી પગ માંડો, પડછાયો પાછળ રહેશે.

- rasikvaland1965@gmail.com
99134 26949

# કાગળ પર સહી કરે સંબંધ વિચ્છેદ થતાં હશે કદાચ, પણ લાગણી વિચ્છેદ...



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

હમણાં થોડાં દિવસો પહેલાની જ વાત છે. અમે લોકો એક ગાર્ડન રેસ્ટોરન્ટમાં બેઠાં હતાં અને ત્યાં અચાનક ચિચિયારીઓ પડવી ચાલું થઈ હતી. અમે જોયું કે પંદર વીસ જેટલા લોકોનું ટોળું આનંદથી બૂમાબૂમ કરી રહ્યું હતું. એમને વળી એવી તો શી ખુશી મળી ગઈ એ જોવા અમે લોકો પણ એ ટોળાંને નિરખવા લાગ્યા ત્યાં ખબર પડી કે એક પુરુષે એક સ્ત્રીને એની સાથે લગ્ન કરવા પૂછ્યું હતું અને સ્ત્રીએ 'હા' કહી હતી.

એ સ્ત્રીએ 'હા' કહી હોત અને પુરૂષે ઘૂંટણિયે પડીને બેઠા બેઠા એક સ્મિત વેરી નાખ્યું હોત તો પબ્લિક આટલી ધમાલ ના કરતી હોત બરાબર પણ પબ્લિક ધમાલ કરી રહી હતી... એ પુરૂષે પછી ઊભા થઈને સ્ત્રીને હોઠ પર તસતસતું ચુંબન ચોડી દીધું હતું અને સામે સ્ત્રીએ પણ કોઈ પણ જાતના વિરોધ વગર એ ક્રિયામાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. હવે સમજાણું ને કે લોકો કેમ આટલી ચિચિયારી પાડી રહ્યાં હતાં. એમનાં મિત્રોનું ટોળું શોર બકોર કરી કરીને એ પ્રેમી યુગલનો ઉત્સાહ વધારી રહ્યું હતું. એમની એ ચુંબન ક્રિયા જેટલી લાંબી ખેંચાય એટલી ખેંચવાને પ્રોત્સાહન આપી રહ્યું હતું.

હવે આ જ સમયે અમુક લોકો એ પ્રેમમાં મગન બે હૈયાના ફોટા પાડી રહ્યાં હતાં, કેટલાક વિડિયો ઉતારી રહ્યાં હતાં. મને લાગ્યું કે દુનિયા બદલાઈ રહી છે. હવે આપણા દેશમાં પણ જાહેરમાં આવી રીતે ચુંબન કરવું સાવ સામાન્ય વાત બની જશે. કાંઈક ખટક્યું તો ખરા મનમાં પછી થયું કે ઠીક છે બે પુખ્ત વયના સ્ત્રીપુરુષ જ્યારે એમની મરજીથી એકમેકને પ્રેમ કરે ત્યારે આપણે એમને રોકનાર કોણ? એ લોકો પ્રેમમાં છે અને પ્રેમ એટલે જ ગાંડપણ!

આ બધું ચાલું હતું બરાબર એ જ વખતે મારી બાજુમાં ઊભેલા એક બહેન મને સંભળાય એ રીતે સહેજ દબાયેલા અવાજે બબડયા, "જરાય શરમ જેવું છે હજી તો એમના આગળના ઘરેથી ડિવોર્સ પણ નથી થયા..."

એ બહેનની વાત, સોરી બબડાટ સાંભળતા જ મારા મનમાં હજારો વિચાર એકસાથે આવી ગયા. મનમાં તો થયું કે એ બહેનને મારા ટેબલ પર આમંત્રિત કરું અને એમને એક કપ ચા પીવડાવી એ ચાની ચુસ્કીઓ સાથે પેલા બે ચુંબનકર્તા વિશે બધું જ જાણી લઉં, પણ એવું ના થઈ શક્યું. એ સ્ત્રી પુરુષ હવે એકમેકથી અળગા થઈ ગયા હતા અને ત્યાં હાજર બધાય એક લાઉડ મ્યૂઝિક ચાલું થયેલું એના તાલે ઝૂમી રહ્યાં હતાં. મારી બાજુમાં ઉભેલા બહેન પણ એ ટોળામાં ભળી ગયેલાં અને એમનો ચહેરો હું ભૂલી ગયેલી કે પછી સરખી રીતે જોયો જ નહોતો!

ખેર, અહીં વાત એ બહેનની નથી. જાહેરમાં આવી રીતે ચુંબન કરવું જોઈએ કે નહીં એની પણ નથી. મને અસર કરી ગયું એ જાણવું કે આ જે બે જણા હાલ એકબીજાના પ્રેમમાં ગળાડૂબ હોવાનો દેખાડો કરી રહ્યાં છે એમની આ હરકત જોઈ દૂર કોઈ ખૂણે બેઠેલી ને એમની સાથે હજી ક્યાંક ને ક્યાંક જોડાયેલી બે વ્યક્તિઓ ખૂબ દુઃખી થવાની હતી...

એ બે વ્યક્તિઓ એટલે તે જેમની સાથે આ ચુંબનકર્તા સ્ત્રી પુરુષે લગ્ન કર્યા હતાં. એ લોકોના છૂટાછેડા કદાચ નહીં થયા હોય તો થવાના હશે આપણે માની લઈએ કે છૂટાછેડા થઈ જ ગયા છે તો શું? એમનાં પહેલી વારના પતિ પત્નીને આ લોકોની આવી હરકત જોઈ દુઃખ થઈ શકે એવો વિચાર કેમ કોઈને નથી આવી રહ્યો.

તમે લગ્ન કરો છો. વરસો સુધી સાથે રહો છો અને પછી એક દિવસ તમને ખ્યાલ આવે છે કે અરે હું તો આ માણસથી હવે કંટાળી ગયો/ગઈ છું. તમને એ રોજબરોજની એકધારી જિંદગી નિરસ લાગવા લાગે અને એવામાં જ તમારા જીવનમાં એક નવું પાત્ર આવી ચઢે છે. તમને એ પાત્ર પસંદ આવે છે, એને પણ તમે પસંદ આવો છો અને પછી ચાલું થાય છે એક નવો પ્રેમસંબંધ. આપણે ત્યાં સમાજ એને આડો સંબંધ કહે છે. આડો કે ઊભો જેવો છે એવો સંબંધ છે અને જેમને એ ભોગવવા મળે એમની આખી દુનિયા રંગીન થઈ જાય છે. તમારા લગ્નજીવનથી તમે ખુશ નથી અને તમને ક્યાંક બીજે પ્રેમ થઈ ગયો, ઠીક છે એ મંજૂર રાખી શકાય.

તમે તમારા નવા સંબંધમાં આગળ વધવા ઈચ્છો છો અને એ માટે જૂનો સંબંધ કાપી નાંખો છો, છૂટ્ટાછેડા લઈ લો છો, એ પણ માન્ય છે. પરાણે સાથે રહેવું એ કરતા છુટ્ટા પડી જવું બહેતર છે...પણ, જ્યારે તમે નવા સંબંધમાં આગળ વધી રહ્યાં હોવ ત્યારે હવે અમે આટલા ખુશ છીએ અને તેટલા સુખી છીએ એવું જાહેરમાં પ્રદર્શન કરવાની શી જરૂર પડી જાય? એ વ્યક્તિ જેની સાથે વરસો સુધી એક ઘરમાં રહ્યા બાદ તમે અલગ થઈ જાઓ છો એની હવે તમને જરાય પરવા નથી?

પતિપત્નીમાંથી કોઈ એક ને ક્યાંક બીજેથી એનો સાચો પ્રેમ મળી જાય ત્યારે જેને હજી એનો સાચો પ્રેમ નથી મળ્યો એનો શું વાંક? બની શકે ને કે એ બિચારું તો એના લાઇફ પાર્ટનરમાંથી જ એનો સાચો પ્રેમ શોધવાની મથામણ કરી રહ્યું હોય...

આ વાત લાગે છે એટલી સરળ નથી. જ્યારે પતિપત્ની વરસો સાથે રહ્યાં બાદ છુટ્ટા પડે છે ત્યારે પણ છેવટ લગી એક જોડાણ તો બાકી રહી જ જાય છે. એ જોડાણ કાં તો પ્રેમ હોય શકે કે નફરત પણ એમાં કોઈ બીજાની હાજરી સ્વીકાર્ય નથી જ હોતી. તમારા નવા પતિ કે પત્નીને તમે છાતી ફાડીને પ્રેમ કરો એનો વાંધો નથી પણ એ પ્રેમનો જાહેરમાં દેખાડો કરો ત્યારે જેની સાથે હજી એક તાંતણા જેટલો પણ સંબંધ બાકી છે એનો વિચાર પણ કરવો રહ્યો.

**અમસ્તું,**

મને અચાનક એવું લાગે છે હું ખૂબ જુનવાણી છું. આજકાલના અમુક પ્રેમસંબંધ મારી સમજમાં જ નથી આવતા.

@Niyati Kapadia